અપીલ અરજી નં. ૫૭૫ તા.૨૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન/હાઈડ્રોલીક)
એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન/ડ્રેનેજ)
એડી. સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન/રીક્રુટમેન્ટ)
ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ચીફ ફાયર ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ટ્રાફિક સેલ)
ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વર્કશોપ)
ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને ત.જાહેર માહિતી (વોચ એન્ડ વોર્ડ)
ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર)
ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન)
ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને ત. જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ/વેકસીનેશન/ વીબીડીસી/ આઈસીડીએસ )

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા. ૧૯–૩–૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા. ૧૦–૪–૦૭ હોવા છતાં જનરલ કેટેગરીના હેવી વ્હીકલ લાયસન્સનાં ઉમેદવાર નં. ૩૪ વાઘેલા કિશોરભાઈ આલજીભાઈનું TVA તા. ૫–૪–૭, ઉમેદવાર નં. ૪૦ કુમકર દત્તાત્રેય કાશીનાથનું TVA તા.૧૪–૫–૦૭, ઉમેદવાર નં.૫૯ ખૈરનાર વિલાસ એકનાથનું TVA તા.૨–૫–૭ અને ઉમેદવાર નં.૮૪ વાળા ક્રિપાલસિંહ રણજીતસિંહનું TVA તા. ૧૮–૭–૭ નું હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણુંક આપવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા. ૧૯–૩–૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા. ૧૦–૪–૦૭ હોવા છતાં જનરલ કેટેગરીના હેવી વ્હીકલ લાયસન્સનાં ઉમેદવાર નં. ૩૪ વાઘેલા કિશોરભાઈ આલજીભાઈનું TVA તા. ૫–૪–૭, ઉમેદવાર નં. ૪૦ કુમકર દત્તાત્રેય કાશીનાથનું TVA તા.૧૪–૫–૦૭, ઉમેદવાર નં.૫૯ ખૈરનાર વિલાસ એકનાથનું TVA તા. ૨–૫–૭ અને ઉમેદવાર નં.૮૪ વાળા ક્રિપાલસિંહ રણજીતસિંહનું TVA તા. ૧૮–૭–૭ નું હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણુંક આપવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે અસ્પષ્ટ, અયોગ્ય અને અસત્ય માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા સરખી માહિતી અંગે અગાઉ આપેલ માહિતી પ્રથમ અપીલ સંદર્ભ પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૬ તા.૧–૧૨–૧૨ થી** કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન/હાઈડ્રોલીક),એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન/ડ્રેનેજ) , એડી. સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન/રીક્રુટમેન્ટ), ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ચીફ ફાયર ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ટ્રાફિક સેલ), ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વર્કશોપ), ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને ત.જાહેર માહિતી (વોચ એન્ડ વોર્ડ), ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર), ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને ત. જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ/વેકસીનેશન/ વીબીડીસી/ આઈસીડીએસ ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી માહિતી આપવા છતાં કયા મુદ્દા પરત્વે કયા જાહેર માહિતી અધિકારી સામે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે સરખી બાબતે અગાઉનો અપીલીય તપાસણી હુકમ થયો હોય તો તેના અનુસંધાને મેળવેલ તપાસણી બાદ અત્રે માંગેલ માહિતી અંગે નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૪૧૦૯ તા.તા.૬–૨–૧૨ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે. ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ ના પત્ર નં.૯૦૬ તા.૭–૨–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વોચએન્ડવોર્ડ/આ.નં.૭૩૭ તા.૧૯–૧૨–૧૧ તથા પત્ર નં.૭૫૮ તા.૨૭–૧૨–૧૧ થી માહિતી આપ્યાનું જણાવી તેની નકલો રજૂ કરેલ છે સાથે મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, તથા ફાઈલ નં.૧ થી મળેલ છે.જયારે ફાઈલ નં.૨ થી સરખી માહિતી અંગે પૂરી પાડવામાં આવેલ માહિતીની વિગતો જણાવેલ છે. પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૩૪ તા.૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટ અને મધ્યસ્થ મહેકમને તબદીલ થયા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૪૩ તા.૧૫–૧૨–૧૧ ના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૧૦ તા.૧૨–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ, ફાયર, ગાર્ડન, ટ્રાફીક સેલ, વર્કશોપ, વોચ એન્ડ વોર્ડ, ડ્રેનેજ,હાઈડ્રોલીક, સ્મીમેર, વીબીડીસી, આરોગ્ય અને તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, સરખા વિષય વસ્તુ અંગે અરજદારની તા.૨૭–૫–૧૧ ની અરજી બાબતે કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૭૫૯ તા.૭–૯–૧૧ ના હુકમની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/૧૦૪૯ તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઓટો વર્કશોપ/૮૪૯ તા.૨૨–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ મહેકમ અને સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સરખા વિષય વસ્તુ અંગે આપેલ માહિતી ની વિગતો અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૬૦૪ તા. ૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એચઈડી/૨૯૯૩ તા.૨૨–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી બાળવિકાસ યોજના તરફથી પત્ર નં.એસએમસી/ આઈસીડીએસ /આ.નં.૨૮૬ તા.૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એસએમસી/આઈસીડીએસ /૨૩૧ તા.૩–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, તબદીલ પત્રો, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીકસેલ/આ.નં.૧૯૧ તા.૧૦–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટ્રાફીકસેલ/૧૬૨૦ તા.૨૩–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૫૮ તા.૧૦–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તબદીલ પત્રોની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૬૯ તા.૨–૧–૧૨ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૦૦૭ તા.૧૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૧૦ તા.૩૦–૧૨–૧૧ ના પત્રની નકલ, એન.ઝેડ/આ.નં.૮૦૦૬ તા.૧૪–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ડ્રાઈવરની પત્રકમાં આપેલ માહિતીની યાદી અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨૨ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨૨ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ અત્ર ે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૧૦૦ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં પત્ર મુળ અરજીની નકલ, તબદીલ પત્રો, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૮૮૧

તા.૨૮–૧૨–૧૧ ના પત્રની નકલ, ડ્રાઈવરોની માહિતીની યાદી અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આરોગ્ય/૧૯૧ તા.૧–૩–૧૨ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૯૦૪ તા.૨૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૬૬૪ તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ, ડ્રાઈવરોની માહિતી અંગેની યાદીની નકલ, નોંધ વિભાગ, મુળ અરજી તથા તબદીલ પત્રો , પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૨૬ ના હુકમની નકલ , જીએડી/ઈએસટી/૪૦૨૭ તા.૨૫–૨–૧૧ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ ના ડ્રાઈવરોના ઓર્ડરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૨૭૩૨ તા.૨૩–૩–૧૨ ના પૂરક પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૮૩૦ તા.૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેપત્ર નં.પીએચડી/વીએસસી/૭૧૧ તા.૨૮–૧૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/વીએસસી/૭૩૫ તા.૬–૧–૧૨ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૩૦૬૪ તા.૧૬–૧૨–૧૧ થી તમામઝોન, તમામવિભાગ અને વર્કશોપને તબદીલ કરેલ પત્રની નકલ, તથા સરખા વિષય વસ્તુ અંગે આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૨ તા.૧૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/આર/૯૦૧ તા.૪–૧–૧૨ ના રોજ આપેલ તપાસણી અંગેના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૨–૯૫૩ તા.૧૭–૧–૧૨ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૩–૧૨–૧૧ની આઈ ડી નં.૧૨૬૭ ની અરજીથી સુમપામાં ડ્રાઈવરોની ભરતી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૪૩ તા.૫–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૧૦ તા. ૧૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ સંપૂર્ણ તથા મુદ્દા નં.૪ આંશિક રીક્રૂટમેન્ટ ને તથા મુદ્દા નં.૪ અને ૫ આંશિક મ્યુ. વર્કશોપ તથા મુદ્દા નં.૫ માટે તમામઝોન તથા લાગત વિભાગોને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જે તે જાહેર માહિતી અધિકારીએ નીચે મુજબના મુદ્દાઓ અનુસાર માહિતી પાઠવવામાં આવેલ છે.

મુદ્દા નં. (૧)૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા. ૧૯–૩–૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા. ૧૦–૪–૦૭ હોવા છતાં જનરલ કેટેગરીના હેવી વ્હીકલ લાયસન્સનાં ઉમેદવાર નં. ૩૪ વાઘેલા કિશોરભાઈ આલજીભાઈનું TVA તા. ૫–૪–૭, ઉમેદવાર નં. ૪૦ કુમકર દત્તાત્રેય કાશીનાથનું TVA તા.૧૪–૫–૦૭, ઉમેદવાર નં.૫૯ ખૈરનાર વિલાસ એકનાથનું TVA તા. ૨–૫–૭ અને ઉમેદવાર નં.૮૪ વાળા ક્રિપાલસિંહ રણજીતસિંહનું TVA તા. ૧૮–૭–૭ નું હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણુંક આપવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ થી ઉમેદવારો તરફથી અરજી ફોર્મ સાથે રજૂ કરવામાં આવેલ તમામ પ્રમાણપત્રો સાથેની અરજી ફોર્મની નકલના પાના નંગ–૪૮ થાય છે. આરટીઆઈ એકટના નિયમ મુજબ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૯૬/– થાય છે. તેવું સમય અવધિમાં જણાવેલ છે.

મુદ્દા નં.(૨) જનરલ કેટેગરીના ઉમેદવાર નં.૫૨ પટેલ બીપીનકુમાર બાબુભાઈનું TVA તા. ૫–૧–૭, ઉમેદવાર નં.૭૮ રાઠોડ કીરીટસિંહ રામસંગભાઈનું TVA તા. ૨–૩–૭ અને ઈબીસી કેટેગીરના ઉમેદવારનું ઉમેદવાર નં.૫૮ આહીર રાહુલભાઈ અમૃતભાઈનું TVA તા. ૨૧–૧–૭, ઉમેદવાર નં.૭૨ પટેલ ડોડીયા ઘનશ્યામસિંહ કનુભાઈનું TVA તા. ૧૬–૫–૭, ના હેવી વ્હીકલ લાયસન્સ હોવા છતાં ડ્રાઈવર તરીકે નિમણુંક આપવા અંગેની માહિતીની નકલ. ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ના ઉમેદવારની નિમણુંક સ્ટાફ સીલેકશન સમિતિએ કરેલ હોય તેઓના નામ, પોસ્ટની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ થી ઉમેદવારો તરફથી અરજી ફોર્મ સાથે રજૂ કરવામાં આવેલ તમામ પ્રમાણપત્રો સાથેની અરજી ફોર્મની નકલના પાના નંગ–૫૦ થાય છે. સ્ટાફ સીલેકશન સમિતિ ધ્વારા બનાવવામાં આવેલ પ્રતિક્ષાયાદીની નકલના પાના નંગ–૦૬ થાય છે. કુલ મળી પાના નંગ–૫૬ થાય છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૧૨/– થાય છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૩) સદર ૯૩ હેવી વ્હીકલ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની જાહેરાતમાં શીડયુલ કાસ્ટ (એસ.સી.) જાતિને નકારવામાં આવેલ હોય તેમ છતાં એસ.સી. જાતિના ૧૫ હેવી વ્હીકલ ડ્રાઈવરોની એસ.સી. જાતિના પ્ર માણપત્ર અરજી ફોર્મ સાથે બીડાણ કરેલ હોવા છતાં અને આપની પ્રતિક્ષાયાદીમાં પણ ૧૫ હેવી વ્હીકલ ડ્રાઈવરોની એસ.સી. તરીકે ગણતરીમાં લેવામાં આવેલ હોય જેઓની સ્પષ્ટસહ માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ થી જનરલ કેટેગરીમાં કોઈ પણ જાતિના ઉમેદવારો નિયત લાયકાત ધરાવતા હોય તો તેઓ અરજી કરી શકે છે. સદર બાબત માટે જાહેરાતની નકલના પાના નંગ–૦૨ થાય છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે પાના દીઠ રૂ.૨/– લેખે કુલ રૂા.૦૪ થાય છે. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અંગે પાના નંગ–૧૦૬ ના પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૨૧૨/– જમા કરાવ્યેથી માહિતી આપવામાં આવશે.

મુદ્દા નં.(૪) સદર ૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની ખાલી જગ્યાની ભરતી અંગેની સા. સભામાં મે. કમિ.શ્રીએ સ્પષ્ટ નોંધ કરેલ છે કે ક્રાઈટેરીયા મુજબ જુના હેવી વ્હીકલના ડ્રાઈવરો ઉપલબ્ધ હોય જેમાંથી જ ભરતી કરવાની છે તેમ છતાં પ્રે કટીકલ ટેસ્ટ લેનાર યુ.જી. નાયક વર્કશોપ ઈ.ચા. અને સ્ટાફ સીકેશન સમિતિ તથા મહેકમ રીક્રુટમેન્ટ વિભાગે આશરે ૭૦ જેવા નવા અનુભવ વગરનાઓને નિમણુંક હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે આપેલ છે જે અંગે સ્ પષ્ટ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે ડે.ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ઓટોવર્કશોપ/આ.નં.૮૪૯/૧ તા.૨૨–૧૨–૧૧ થી મ્યુ. વર્કશોપ વિભાગ તરફથી હેવી વ્હીકલ લાયસન્સ ધરાવનાર ઉમેદવારોનો પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવેલ હતો અને જે તે ઉમેદવારનો પ્રેકટીકલ ટેસ્ટ દરમ્યાન વાહન ચલાવવાની આવડત અને ગુણદોષ જોઈને પ્રેકટીકલ ટેસ્ટ લઈ મહેકમ વિભાગને તેનું ગુણપત્રક આપવામાં આવેલ અને ત્યાર બાદ આગળની ઘટતી કાર્યવાહી રીક્રુટમેન્ટ વિભાગ મારફત કરવામાં આવેલ . જે જાણ માટે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ થી નકકી કરવામાં આવેલ ક્રાઈટેરીયા મુજબ ભરતી કરવામાં આવેલ છે.

મુદ્દા નં.(૫) મહેકમ રીક્રુટમેન્ટ વિભાગે કુલ –૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે ઝોન/ વિભાગમાં કરેલ હોય તે જ ઝોન વિભાગના હેવી વ્હીકલ ડ્રાઈવરોના નામ , હેવી વ્હીકલના નામ, નંબર સહિતની માહિતીની નકલ. પત્ર નં. ઓટોવર્કશોપ/આ.નં.૮૪૯/૧ તા.૨૨–૧૨–૧૧ થી મ્યુ. વર્કશોપ વિભાગ તરફથી મ્યુ. વર્કશોપ ખાતે નિમણુંક આપેલ કણબી દિનેશભાઈ સનતભાઈ (કર્મ નં.૮૦૫૭૨) હાલમાં એમ. એન્ડ એમ.જીપ વાહન નં.જીજે–૫//જી–૨૧૧ પર ફરજ બજાવે છે જે જાણ માટે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં.વોચએન્ડવોર્ડ/આ.નં.૭૩૭ તા.૧૯–૧૨–૧૧ થી વોચ એન્ડ વોર્ડ વિભાગમાં કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ અન્વયે શ્રી રમેશભાઈ મહેશભાઈ ઢોડીયા (ર્મા નં.૩૯૦૪૮) ની નિમણુંક કરવામાં આવેલ છે. હેવી વ્હીકલ ગાડી નં.–તાતા ૪૦૭ જીજે–૫જી–૯૩૦૮ છે. જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૧૫૫૨ તા.૨૨–૧૨–૧૧ થી સમય અવધિમાં પત્ર ક્રમાંક વીબીડીસી/આઈઓ/આ.નં.૨૧૭૮ તા.૪–૩–૧૧ થી પાઠવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીકસેલ/આ.નં.૧૬૦૩ તા.૨૨–૧૨–૧૧ થી સમય અવધિમાં (૧) સ્વરાજ મઝદા જીકયુસી–૬૮૭૨ ડ્રાઈવર નટવરભાઈ એમ. કહાર કર્મ નં.૨૧૭૩૬ (૨) ટાટા ડમ્પર –જીજે–૫/ડબલ વાય–૮૮૨૫ શ્રી ખોડાભાઈ ટી. વસાવા કર્મ નં.૧૩૯૮૫ કુલ વાહનોની સંખ્યા–૨ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૨૯૯૩ તા.૨૨–૧૨–૧૧ થી સમય અવધિમાં હેવી વ્હીકલ તથા ડ્રાઈવરોની ૧ થી ૮ ની માહિતી કર્મચારી નંબર સહિત પૂરી પાડવામાં આવેલ છે. ક્રમ નં.૮ માં દર્શાવેલ કર્મચારી મોટર કલીનર તરીકે ફરજ બજાવતા હતાં તેમની નિમણુંક ડ્રાઈવર તરીકે પત્ર નં.જીએડી/ઈએસટી/૬૧૭ સ ેન્ટ્રલઝોન એસ્ટા. ડીપાર્ટ. મયુ. કોર્પોરેશન સુરત તા.૫–૬–૦૯ થી કચેરી હુકમથી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ઈલેકશન એન્ડ સેન્સસ તરફથી પત્ર નં. ઈલેકશન/૩૬૫ તા.૧૭–૧૨–૧૧ થી સમય અવધિમાં ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગમાં સુમનપાની માલીકીનું કોઈ પણ પ્રકારનું વ્હીકલ કાયમી/હંગામી ધોરણે વ્હીકલ ડ્રાઈવર સહિત ખાતાને ફાળવવામાં આવેલ નથી જેથી માહિતી નીલ છે. જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસએન્ડઈ/જાવક/૨૨૩ તા.૨૧–૧૨–૧૧ થી સમય અવધિમાં મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરીમાં સુમનપાની માલીકીનું કોઈ પણ પ્રકારનું વ્હીકલ કાયમી/હંગામી ધોરણે વ્હીકલ ડ્રાઈવર સહિત ખાતાને ફાળવવામાં આવેલ નથી જેથી માહિતી નીલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૦ તા.૨૭–૧૨–૧૦ થી સમય અવધિમાં લીંબાયતઝોનની માહિતી પાના નંગ–૧ થી ૭ પૂરી પાડવામા આવેલ છે. જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૭૧૧ તા.૨૮–૧ ૨–૧૧ થી સમય અવધિમાં ૫ ડ્રાઈવર અને ૫ વાહનો અંગેની યાદી પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૧ તા.૨૮–૧૨–૧૧ થી સમય અવધિમાંમાંગવામાં આવેલ માહિતી પૈકી વેસ્ટઝોન ખાતે નિમણુંક આપવામાં આવેલ હેવી વ્હીકલ ચલાવતાં ૧૦ ડ્રાઈવરોની વાહન અને કર્મચારી સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી

કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૧૭ તા.૩૦–૧૨–૧૧ થી સમય અવધિમાં મુદ્દા નં.૫ ની હિતેન્દ્ર દલપતભાઈ પટેલની પૂર્તતા કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૬૯ તા.૨–૧–૧૨ થી સમય અવધિ બાદ ૧ થી ૨૨ અનુક્રમ મુજબની યાદી ડ્રાઈવરો તથા તેના વ્હીકલો ફરજનું સ્થળ, કર્મચારી નંબર અને વાહનના પ્રકાર સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં.આઈસીડીએસ/૨૩૧ તા.૩–૧–૧૨ થી બે તાલીમાર્થી ડ્રાઈવરોની કર્મચારી નંબર વાહન નંબર, વાહનનો પ્રકાર અને હાજર તારીખ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨૨ તા.૧૧–૧–૧૨ થી સમય અવધિ બાદ ૧ થી ૨૩ વાહન નંબર, વાહનનો પ્રકાર અને ડ્રાઈવરની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૬૬૪ તા.૧૭–૧–૧૨ થી સમય અવધિ બાદ અરજીના મુદ્દૃ નં.૧ થી ૫ પૈકી સો.વે.મે. વિભાગને લાગત મુદ્દા નં.૫ (" મહેકમ–રીક્રૂટમેન્ટ વિભાગે કુલ ૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે ઝોન વિભાગમાં કરેલ હોય તે ઝોન વિભાગના હેવી વ્હીકલ ડ્રાઈવરના નામ , નંબર સહિતની માહિતી) બાબતે જણાવવાનું કે સુમપામાં ૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક મહેકમ વિભાગના કચેરી હુકમ જીએડી/ઈએસટી/(૧) ૬૧૭ તા.૫–૬–૦૯ (૨) ૧૬૪૭ તા.૩૧–૮–૦૯ (૩) ૪૧ ૪૩ તા.૨૩–૩–૧૦ (૪) નં.૧૨૧૭ તા.૧૪–૭–૧૦ (૫) નં.૪૦૨૬ તા.૨૫–૨–૧૧ થી કરવામાં આવેલ. ઉકત કચેરી હુકમો પૈકી કચેરી હુકમ જીએડી/ઈએસટી/(૧) નં.૬૧૭ તા.૫–૬–૦૯ થી ૧૪ ડ્રાઈવરો (૨) નં.૧૬૪૬ તા.૩૧–૮–૦૯ થી ૦૨ ડ્રાઈવરો અને (૩) ૪૦૨૬ તા. ૨૫–૨–૧૧ થી ૦૨ ડ્રાઈવરો મળી કુલ –૧ ૮ ડ્રાઈવરોની નિમણુંક સો.વે.મે. વિભાગમાં આપવામાં આવેલ છે. આ ૧૮ ડ્રાઈવરો પૈકી હાલ ફકત ૧૪ ડ્રાઈવરો ખાતામાંથી પગાર મેળવે છે. જે પૈકી ૧૩ ડ્રાઈવર સો.વે. મે. વિભાગમાં અને ૦૧ ડ્રાઈવર શ્રી નયનકુમાર સી. ઑભલીયા વેકસીન વિભાગમાં ફરજ બજાવે છે. જયારે બાકીના ડ્રાઈવરોની બદલી સો.વે.મે. વિભાગંમાંથી અન્ય ઝોન/વિભાગમાં થયેલ છે. હાલ ખાતામાંથી પગાર મેળવવા કુલ ૧૪ ડ્રાઈવરોની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૨૭૩૨ તા.૨૩–૩–૧૨ થી અરજી મધ્યસ્થ મહેકમ રીક્રૂટમેન્ટ વિભાગને સંપૂર્ણ તબદીલ કરેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકાર ડીન તરફથી પત્ર નં.સ્મીમેર/૪૧૦૯ તા.૬–૨–૧૨ ના પત્રથી પ્રતિવાદીએ જાહેર માહિતી અધિકારી સ્મીમેરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમ છતાં સ્મીમેર તરફથી ૨૮૦ તો૧૫–૧૨–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે.તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આરોગ્ય/૧૯૧ તા.૧–૩–૧૨ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૫ ની માહિતી આપેલ છે તેવું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી ગાર્ડન સુપ્રિ. તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૪૪૮ તા.૧૫–૧૨–૧૧ થી સમય અવધિમાં સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સુમનશાળા સેલ તરફથી પત્ર ન.સુમન/મા.શાળા સેલ/૫૮૬ તા. ૨૦–૧૨–૧૧ ના પત્રથી સમય અવધિમાં સદર અરજીમાં માંગેલ માહિતી "નીલ" છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૧ તા.૭–૩–૧૧ થી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. જે નીચે મુજબ છે. અનુક્રમ નં.૪૪ થી ૬૨ માં અગાઉ આપેલ માહિતી સ્પષ્ટપણે તાલીમાર્થી ડ્રાઈવર હોવાનું જણાવેલ છે. જે ૯ ડ્રાઈવરોની સંખ્યા આપી છે તે પૈકી ૬ ડ્રાઈવર રાંદેરઝોનમાંથી પગાર મેળવી અન્ય ઝોન/ખાતામાં ફરજ બજાવે છે બાકીના વધારાના ૬ ડ્રાઈવર શીફટમાં /રીલીવર તરીકે ફરજ બજાવે છે જેથી વધારાના કોઈ ડ્રાઈવર નથી જે જાણશો. જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૧૫૫૨ તા.૨૨–૧૨–૧૧ થી મુદ્દૃ નં.૧ થી ૪ ની માહિતી આ વિભાગને લાગુ પડતા નથી.

અરજદારે જુદા જુદા મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીથી અસંતોષ હોવાનું જણાવી તા.૨૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ અપીલના મુદ્દૃ નં. (૧) જાહેર માહિતી અધિકારીએ અરજી તબદીલ અંગે અરજદારે છટકબારી બનાવવાની કોશિશ કરેલ હોય તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલકમ–૬(૩) મુજબ કોઈ પણ જાહેર માહિતી અધિકારી લાગત સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરવાની હોય છે જે કરવામાં આવેલ છે.

અપીલના મદ્દા નં.(૨) માં અરજદારે ગાર્ડ સુપ્રિ. તરફથી પીપીજી/આ.નં.૧૪૪૮ તા.૧૫–૧૨–૧૧ જેમાં માહિતી નીલ બતાવેલ છે. જેમાં અરજદારને તેમની તા.૫–૨–૧૧ ની આઈ ડી નં.૧૧૭૦ ની અરજી સામે આપેલ માહિતીમાં પીપીજી/આ.નં.૧૪૬૩ તા.૧૮–૨–૧૧ થી ૧૮ ડ્રાઈવરોના નામ અને વ્હીકલની માહિતી પૂરી પાડેલ હોય આ માહિતી ખોટી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે આધાર તરીકે અરજદારે બંને જવાબોની નકલ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ગાર્ડન સુપિ.શ્રી એ આપેલ બંને માહિતીની વિસંગતતા અંગે સ્પષ્ટતા કરવાની રહે. સાથે મુદ્દા નં.૫ પ્રસ્તુત અરજીની માહિતી આપવી રહે.

અપીલના મુદ્દા નં.(૪) વોચ એન્ડ વોર્ડ વિભાગ તરફથી પત્ર નં.૭૩૭ તા.૧૯–૧૨–૧૧ થી એક ડ્રાઈવર અને એક વ્હીકલની માહિતી આપવામાં આવેલ છે તે અસત્ય છે જે અંગે અરજદારને તેમની આઈ ડી નં.૧૦૦૬ તા.૧–૧–૧૧ ની અરજી સંદર્ભે વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં. ૭૩૯ તા.૨૪–૧–૧૧ થી આપેલ માહિતીમાં ૩ ડ્રાઈવર અને ૫ વાહનોની વિગત આપવામાં આવેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સીકયુરીટીએ આપેલ માહિતી અંગેની સ્પષ્ટતા કરવાની રહે. સાથે મુદ્દા નં.૫ પ્રસ્તુત અરજીની માહિતી આપવી રહે.

અપીલના મુદ્દા નં.૬ અરજદારે ડે.ઈજનેર વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ/આ.નં.૮૪૯/૧ તા.૨૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૪ માં આપેલ માહિતી અયોગ્ય અને અસત્ય આપેલ છે. જે અંગે અરજદારે ૯૨૨ ડ્રાઈવરોમાંથી ૨૭૬ હેવી વ્હીકલ પ્રેકટીકલ ટેસ્ટમાં ઉત્તીર્ણ કરેલ છે અડધા ભાગના ડ્રાઈવરો લાયકાત અનુભાવ અને લાયસન્સ પણ અરજી ફોર્મમાં પરત કર્યાની છેલ્લી તારીખના તથા અનુસુચિત જાતિના ઉમેદવાર ડ્રાઈવરો પણ ૨૭૬ ડ્રાઈવર પસંદ કરેલ છે. જે અંગે આ અરજીના પ્રશ્ન સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ માં આપેલ માહિતીમાં કોઈ પણ સંખ્યા જણાવેલ નથી. આથી સંખ્યા બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જયારે અરજીના મુદ્દા નં.૫ માં જાહેર માહિતી અધિકારીએ ફકત એક જ તાલીમાર્થી ડ્રાઈવરની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે અસત્ય આઈ ડી નં.૧૦૦૬ તા.૧–૧–૧૧ ની અરજી સામે તા.૭–૧–૧૧ તથા ૮૮૦ તા.૧૮–૧–૧૧થી કુલ ૭૯૧ વ્હીકલની સંખ્યા જણાવેલ છે. અરજદારે અત્રે રજૂ કરેલ બંને પક્ષોની વિગતો અલગ અલગ છે. વધુમાં અરજદારે જણાવેલ પત્રમાં મનપાની તમામ વાહનો બાબતેની માહિતી આપ્યાનું જણાવેલ છે જયારે દર અરજીમાં ફકત મહેકમ વિભાગના રીક્રુટમેન્ટ મુજબ ફાળવેલ હેવી ડ્રાઈવરની માહિતી જ અને તેની સામે હેવી વ્હીકલ બાબતે માહિતી આપેલ જણાય છે.

અપીલના મુદ્દા નં.૭ ,૧૩, ૨૭, ૨૮ માં અરજદારે જીએડી/ઈએસટી/૮૬૬ તા.૨૨–૧૨–૧૧ થી અરજીના મુદ્દા નં.૧ અને ૨ બાબતે નાણા ભરી માહિતી મેળવવા પત્ર પાઠવેલ. જે અરજદારે બોગસ હોવાનું જણાવેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડેલ હોય નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જે યથા યોગ્ય છે. જે બાબતે અરજદારે તા.૨૬–૧૨–૧૧ ના પત્રથી રૂબરૂ તપાસણી અંગેની માંગણી કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૦૧ તા.૪–૧–૧૨ થી અરજદારને તા.૯–૧–૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે તપાસણી આપવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૨ તા.૧૭–૧–૧૨ ના પત્રથી મુદ્દા નં.૧ અને ૨ ના નાણા ભરવા માંગતા નથી તેવું જણાવેલ. જયારે મુદ્દા નં.૩ ના નાણા જમા કરવામાં આવેલ. જે અન્વયે જનરલ કેટેગરીની જાહેરાત સંદર્ભે જનરલ કેટેગરીમાં કોઈ પણ જાતિના ઉમેદવારો નિયત લાયકાત ધરાવતા હોય તો તેઓ અરજી કરી શકે છે. સદર બાબત માટે જાહેરાતની નકલ પણ આપવામાં આવેલ. તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૩ તા.૧૭–૧–૧૨ થી પણ અરજદારને મુદ્દા નં.૧ અને ૨ બાબતે રૂબરૂ દફતરી ચકાસણી કર્યા બાદ જોઈતી માહિતીની નકલો માંગવામાં આવશે તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારને તપાસણી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૯–૧–૧૨ ના રોજ રૂબરૂ હાજર રહેલ પરંતુ દફતર ચકાસણી ન કરતાં મુદ્દા નં.૧ અને ૨ના ડ્રાઈવર ઉમેદવારોને કઈ વિશેષ લાયકાતના આધારે નિમણુંક આપવામાં આવેલ છે તેની માહિતી લેખિતમાં પૂરી પાડવા જણાવેલ. આ બાબતે અગાઉ તમોને વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં મુદ્દા નં.૧ અને ૨ બાબતે ૯૩ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી તૈયાર કરતાં પહેલા આવેલ અરજીના લાયકાત ઉમેદવારોના ફીજીકલ ફીટનેશ ટેસ્ટ અને વીઝન ટેસ્ટ લેવામાં આવેલ અને તેમાં સફળ થયેલ ઉમેદવારોના પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવેલ અને પ્રેકટીકલ લાયક ઠરેલ ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યુ લઈ આ કામે નિમાયેલ પસંદગી સમિતિ ધ્વારા ડ્રાઈવરોની પસંદગી કરવામાં આવેલ હતી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી અરજદારને આરટીઆઈ કાયદા હેઠળના વિકલ્પો સુચવ્યા બાદ માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે અપીલ તબકકે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની થતી નથી.

અપીલના મુદ્દા નં.૧૯ અરજદારે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૮–૧૨–૧૧ ના પત્ર નં.વેસ્ટઝોન/ ૮૧૧ થી ફકત ૧૦ તાલીમાર્થીની અધૂરી માહિતી મુદ્દા નં.૫ અંગે પાઠવેલ છે. હકીકતમાં કુલ ૫૦ વ્હીકલની સામે ૬૯ ડ્રાઈવરો તેમના ઝોનમાં હોવા અંગેની માહિતી અમો અરજદારની તા.૧૦–૨–૧૨ ની આઈ ડી નં.૧૧૯૯ ના પ્રત્યુત્તરમાં તા.૭–૩–૧૧ ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૮૦૧ થી અરજદારને પાઠવેલ છે જે પુરાવા તરીકે બીડાણ કરેલ છે. આમ અરજદારે સદર અરજી બાબતેની માહિતી સંદર્ભે તેમની અગાઉની અરજી બાબતે ૮૦૧ થી આપેલ માહિતી સંદર્ભે પૂર્તતા માંગેલ છે જયારે જાહેર માહિતી અધિકારીએ અત્રે અન્ય અરજી તા.૨–૯–૧૧ તથા તા.૩–૯–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતીની પૂર્તતા કરેલ છે પરંતુ અરજદારે તેમની તા.૧૦–૨–૧૨ ની અરજી બાબતે પૂર્તતા માંગેલ છે જે થયેલ નથી તે કરવાની રહે.

અપીલના મુદ્દા નં.૨૦ અરજદારે કતારગામઝોન તરફથી એન.ઝેડ/૬૫૧૭ તા.૩૦–૧૨ થી મુદ્દા નં.૫ મા એક જ વ્હીકલ અને તાલીમાર્થીની વિગત પૂરી પાડેલ હોય જે અધૂરી હોવાનીઅરજદારે રજુઆત કરેલ છે જે અંગે અરજદારે આઈ ડી નં.૧૨૬૮ ની વિગતોને ધ્યાને લઈ ખોટી અને ખાડામાં ઉતારનારી પગાર ભથ્થાના ગેરરિતી આચર્યાનું રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી ૧ થી ૫૬ તથા ૧ થી ૧૫ નું તેમજ ૧ થી ૪ નું લીસ્ટની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારની તા.૧૨૬૭ તા.૩–૧૨–૧૧ ની અરજી સંદર્ભે આપેલ માહિતીમાં વિસંગતતા અંગે પૂર્તતા કરવાની રહે. જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં સદર અરજી આઈ ડી નં.૧૨૬૭ તા.૩–૧૨–૧૧ ની પૂરક માહિતીમાં કતારગામઝોનના ૧ થી ૧૫ ડ્રાઈવરો તથા વાહનોની યાદીની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. પરંતુ અરજદારની આઈ ડી નં.૧૨૬૮ તા.૩–૧૨–૧૧ ની અરજીની આપેલ માહિતીઅંગે પૂર્તતા કરેલ નથી જે કરવાની રહે.

અપીલના મુદા નં.૨૨ અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/અઠવા/૧૦૬૯ તા.૨–૧–૧૨ થી મુદ્દા નં.૫ અંગે આપેલ માહિતીમાં એક વ્હીકલનો ઉપયોગ બે વાર કરવામાં આવેલ છે જેમાં બંને ડ્રાઈવરો વપરાશકર્તા હોય તેવું જણાવેલ છે. ચાર ડ્રાઈવરોને સ્પેરમાં રાખેલ છે પરંતુ માહિતી આપવામાં એક વ્હીકલ અને એક ડ્રાઈવરની છેતરપીંડી કરવામાં આવેલ છે કદાચ આ જ વ્હીકલનો ઉપયોગ જુના ડ્રાઈવરોમાં પણ થતો હશે તેવું અરજદારે ખુદ જણાવેલ છે.

અપીલના મુદ્દા નં.૨૩ જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટરે પીએચેડી/વીએસસી/૭૩૫ થી માહિતી ૩૦ દિવસ બાદ ૧૦ ડ્રાઈવરો અને કર્મચારી નંબર અને ૧૧ વ્હીકલોના નામની માહિતી આપેલ છે. અરજદારે વિલંબથી આપેલ માહિતી બાબતે સદર જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની આઈ ડી નં.૧૨૬૭ ની માહિતી પત્ર નં.પીએચડી/વીએસસી/૭૧૧ તા.૨૮–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં આપેલ છે.જયારે રજૂ કરેલ માહિતી અરજદારની આઈ ડી નં.૧૨૬૮ બાબતેની છે.

અપીલના મુદ્દા નં.૨૪ માં અરજદારે પ્રોજેકટ ઓફિસર યુસીડી અને જાહેર માહિતી અધિકારી તરફથી યુસીડી/૯૦૬ તા.૬–૧–૧૨ થી સમય મર્યાદા બાદ બે ડ્રાઈવરના કર્મચારીની માહિતી આપેલ છે પરંતુ વ્હીકલની માહિતી આપેલ નથી. અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે યુસીડી વિભાગની મળેલ કોઈ માહિતી પૂરી પાડેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ તેવી માહિતી અંગે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

આમ આ સિવાયના અરજદારના અપીલના મુદ્દાઓમાં અરજદારે માહિતી મળ્યા અંગેની રજૂઆત કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૩ ના નાણા ભરી માહિતી મેળવવા અરજદારે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૬–૧૨–૧૧ ના રોજ અરજી કરી દફતરી તપાસણી કરવાની માંગણી કરેલ. જે પૈકી અરજદારે મુદ્દા નં.૩ ની માહિતી નાણા ભરી માહિતી મેળવેલ છે જયારે મુદ્દા નં૧ અને ૨ બાબતે દફતરી તપાસણીમાં હાજર રહી દફતરી તપાસણી ન કરતાં વિવરણમાં માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૩ તા.૧૭–૧–૧૨ થી વિવરણમાં માહિતી આપવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૪ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૫ અંગે ગાર્ડન, વોર્ડ એન્ડ વોર્ડ, રાંદેરઝોન અને કતારગામઝોનની માહિતી બાબતે અરજદારને અન્ય અરજીઓ બાબતે આપેલ માહિતીની વિસંગતતા બાબતે કરેલ રજૂઆત બાબતે વિગતો પૂરી પાડવાની રહે.

અરજદારની સરખા વિષય વસ્તુ બાબતે તા.૧૧–૨–૧૧ તથા તા.૨૭–૫–૧૧ બાબતે કરેલ અરજીઓ અંગે અરજદારે ચાલુ વર્ષે કરેલી અપીલ નં.૩/૧૧–૧૨ તા.૨–૪–૧૧ તથા અપીલ નં.૧૯૮/૧૧–૧૨ થી અત્રેથી વિગતવાર હુકમ કરવામાં આવેલ જેમાં અપીલ નં.૩/૧૧–૧૨ બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૭ તા.૧૯–૫–૧૧ અંગે મળેલી માહિતીના સાધનિક કાગળો સહિત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી ખાતરી થયેથી તેટલી નકલો પૂરી પાડવા વિગતવાર હુકમ કરવામાં આવેલ છે તેમજ અપીલ નં.૧૯૮/૧૧–૧૨ તા.૩૦–૭–૧૧ થી અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૯ તા.૭–૯–૧૧ થી માં જાહેર માહિતી અધિકારીની સ્પષ્ટતા માટે અરજદારને દફતરી ઈન્સ્પેકશન પુરું પાડી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે તે માટે તપાસણી બાબતે વિગતવાર હુકમો કરવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૧–૧૨ ધ્યાને લેતાં ૧૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો

નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારી ગાર્ડન, વોચ એન્ડ વોર્ડ, રાદેરઝોન, કતારગામઝોન તરફથી ઉપરોકત ફરીયાદ હકીકતમાં અનુક્રમે અપીલના મુદ્દા નં.૨,૪,૧૯ અને ૨૦ માં જણાવ્યાનુસાર અગાઉ આપેલ માહિતી અને અત્રેની અરજીમાં આપેલ માહિતી અંગે અરજદારની વિસંગતતા અંગેની રજૂઆત બાબતે પૂર્તતા કરી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન, ઈ.ચા. ચીફ સીકયુરીટી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ, ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારાગામઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૫ ની અરજદારની વિસંગત માહિતીના દાવા અંગે અગાઉ પણ અરજદારને લાગત તમામ જાહેર માહિતી અધિકારી કક્ષાએ દફતરી તપાસણીની તક પૂરી પાડેલ છે જ. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો પુનઃ કચેરી કામકાજ દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે. જે માટે તેમણે લાગુ કિસ્સામાં કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા અને તેની જાણ અત્રે કરવા અનુક્રમે ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન), ઈ.ચા. ચીફ સીકયુરીટી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતીઅધિકારી (કતારાગામઝોન)ને જણાવવામાં આવેછે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન/હાઈડ્રોલીક), એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન/ડ્રેનેજ), એડી. સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન/રીક્રુટમેન્ટ), ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ચીફ ફાયર ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ટ્રાફિક સેલ), ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વર્કશોપ), ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને ત.જાહેર માહિતી (વોચ એન્ડ વોર્ડ), ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન) , ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને ત. જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ/વેકસીનેશન/ વીબીડીસી/ આઈસીડીએસ )....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર